| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૧૭ | ૦૧ | ૨૦૨૫ |
| **રજી.તારીખ** | ૧૭ | ૦૧ | ૨૦૨૫ |
| **ફેસલ તારીખ** | ૦૧ | ૦૪ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં. ૨૦૬/ ૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી** – શ્રી સરકાર

જામજોધપુર પો.સ્ટે.ગુ.રજી.નં.૦૩૧૯/૨૦૨૪

**વી.**

**આરોપી** – **(૧) ભરતભાઈ કારાભાઈ મંડેરા**

રહે. અમરાપર ગામ, વાડિ વિસ્તાર,

તા.જામજોધપુર, જિ.જામનગર

**(૨) સરમણભાઈ કાનાભાઈ વાઢીયા**

રહે. અમરાપર ગામ,

તા.જામજોધપુર, જિ.જામનગર

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(ઈ), ૮૧**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એસ.આઈ.બ્લોચ |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૨૫–૦૪–

૨૦૨૪ ના રોજ કલાક ૧૯:૧૫, વાગ્યાની આસપાસ અમરાપર ગામે જોગી પા, પાસે આરોપી નં.૨ ના રહેણાંક મકાનની સામે જાહેરમાં આરોપી નં. ૧ ને ગે.કા. પાસ પરમીટ વગર દેશી પિવાનો દારૂ આરોપી નં. ૨ એ વેચાણાર્થે આપેલ હોય જે દારૂ આરોપી નં. ૧ એ પોતાના કબ્જામાં રાખી રેઇડ દરમ્યાન દેશી દારૂ લિટર- ૪૨ કિ.રૂા.૮૪૦ તથા એક મોબાઇલ ફોન કી.રૂા. ૭,૦૦૦/- કુલ મુદામાલ કી.રૂ. ૭૮૪૦/- સાથે આરોપી નં. ૧ પકડાઇ જતા આરોપી નં. ૨ તપાસ દરમ્યાન પકડાઇ જતા બન્ને આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી તેમજ પ્રોહી મુદામાલ કબજે લઇ મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(ઇ),૮૧ ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેને સી.આર.પી.સી.ની કલમ -૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૦૫ અને ૦૬ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આકં |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | મુનાભાઇ રામાભાઇ ખાંભલા | ૦૮ |
| ૨ | પંચ સાહેદ | રવિભાઇ કાનાભાઇ કટારા | ૨૧ |
| ૩ | ત.ક.અ | વિરેન્દ્રસિંહ પરબતસિંહ જાડેજા | ૧૪ |
| ૪ | ફરીયાદી | ભગીરથસિંહ મયુરસિંહ જાડેજા | ૨૨ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૯ |
| ૨ | ફરીયાદ | ૧૫ |

(૪) ત્યાર બાદ પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી સી.આર.પી.સી.ની કલમ ૩૧૩ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૫-૦૪-૨૦૨૪ ના રોજ કલાક ૧૯:૧૫ વાગ્યાની આસપાસ અમરાપર ગામે જોગી પા, પાસે આરોપી નં.૨ ના રહેણાંક મકાનની સામે જાહેરમાં આરોપી નં. ૧ ને ગે.કા. પાસ પરમીટ વગર દેશી પિવાનો દારૂ આરોપી નં. ૨ એ વેચાણાર્થે આપેલ હોય જે દારૂ આરોપી નં. ૧ એ પોતાના કબ્જામાં રાખી રેઈડ દરમ્યાન દેશી દારૂ લિટર- ૪૨ કિ.રૂા.૮૪૦ તથા એક મોબાઇલ ફોન કી.રૂા. ૭,૦૦૦/- કુલ મુદામાલ કી.રૂ. ૭૮૪૦/- સાથે આરોપી નં. ૧ પકડાઇ જતા આરોપી નં. ૨ તપાસ દરમ્યાન પકડાઈ જતા બન્ને આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરી તેમજ પ્રોહી મુદામાલ કબજે લઇ મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ),૮૧ મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

:: નિર્ણયો ::

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

:: કારણો ::

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

૭.૧ ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અ.શ્રી વિરેન્દ્રસિંહ પરબતસિંહ જાડેજા તેઓની આંક–૧૪ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૨૫/૦૭/૨૦૨૪ના રોજ અમો તથા પોલિસ સ્ટાફના માણસો એ બીટ વિસ્તારમાં પ્રોહિ જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક. ૧૯:૧૫ વાગ્યે અમરાપર ગામના બસ સ્ટેન્ડ પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે સરમણભાઈ કાનાભાઈ ની વાડીએ પોતાના રહેણાંક મકાને દારૂ સંતાડેલ છે અને દેશી દારૂના વેચાણની પ્રવૃતિ કરે છે તે હકીકત ના આધારે બે રાહદારી પંચોને બોલાવી પંચો રૂબરૂ નામ ઠામ પોછતા પોતે પોતાનું નામ ભરતભાઈ કારાભાઈ મંડેરા રે.અમરાપર વાડી વિસ્તાર વાળો હોવાનું જણાવેલ. મજકુર પાસે રહેલ બાચકું પંચો રૂબરૂ ખોલી સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી પીવાનો દારૂ લિ–૪૨ કિંમત રૂ.૮૪૦ નો મળી આવેલ તથા એક મોબાઇલ ફોન જેની કિંમત રૂ.૭,૦૦૦/– નો મળી આવેલ. મુદામાલ દેશી દારૂમાંથી સેમ્પલ બોટલ ભરી પંચનામાની વિગતે તપાસ અર્થે અમોએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. સદર ગુના અંગેની ફરિયાદ પો.કો. ભગીરથસિંહ મયુરસિંહ જાડેજા નાઓએ આપેલ જે ફરીયાદ આંક– ૧૫ થી રજુ છે. વધુ પુરાવામાં જણાવે છે કે, સદર ગુનાના કામની તપાસ અમોને સોંપતા સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. મુદામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે

ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે વાડી વિસ્તાર છે. એ વાત ખરી છે કે આ કામે આજુબાજુના રહીશો ના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વખતે હું સાથે હતો ત્યાર બાદ ગુનાની તપાસ મળતા ગુનાની તપાસ પણ મે જ કરેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા કોની માલીકીની હતી તે બાબતે કોઇ આધાર પુરાવાઓ મે તપાસના કામે મેળવેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામે એફ.એસ.એલ.રીપોર્ટ મેળવી ચાર્જશીટ ના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોય ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ.

૭.૨ ફરીયાદપક્ષે ફરીયાદી ભગીરથસિંહ મયુરસિંહ જાડેજા તેઓની આંક–૨૨ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ અમો તથા પો.હેડ કો.વી.પી.જાડેજા એ રીતેના સ્ટાફના માણસો ક.૧૭:૦૦ વાગ્યાથી એ બીટ વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૧૯:૧૫ વાગ્યે અમરાપર ગામ બસ સ્ટેન્ડ પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે અમરાપર ગામ ધોબી પા વિસ્તારમાં રહેતા સરમણભાઇ કાનાભાઇ વાઢીયા પોતાના રહેણાંક મકાનની સામે કાંટાની વાડમાં દેશી પીવાનો દારૂ રાખી વેચાણ કરે છે તે હકીકતના આધારે બે રાહદારી પંચોને બોલાવી ક.૧૯:૨૫ વાગ્યે સદર જગ્યાએ રેડ કરતા સદરહું જગ્યાએ એક ઇસમ પોતાની સાથે બાચકું લઇ હાજર મળી આવેલ. જેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ભરતભાઇ કારાભાઇ મંડેરા રે.અમરાપર તા.જામજોધપુર વાળો હોવાનું જણાવેલ. મજકુરની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા તેના હાથમાં રહેલ બાચકાંમાંથી પ્રવાહી ભરેલ પારદર્શક કોથળીઓ જોવામાં આવેલ જેમાં રહેલ પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી પીવાનો દારૂ લિ–૪૨ કિંમત રૂ.૮૪૦/– તથા મોબાઇલ ફોન નંગ–૧ કિંમત રૂ.૭૦૦૦/– મળી કુલ રૂ.૭૮૪૦/– નો મળી આવેલ હોય મુદામાલ દેશી દારૂમાંથી સેમ્પલ બોટલ ભરી પંચનામાની વિગતે તપાસ અર્થે હેડ કો.વી.પી.જાડેજાનાઓએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. સદર મુદામાલ દારૂનો જથ્થો કોની પાસેથી મેળવેલ તે અંગે પુછપરછ કરતા

અમરાપર ના રહેવાસી સરમણ કાના વાઢીયા પાસેથી મેળવેલ હોવાનું જણાવેલ.જેથી આરોપીઓ સામે પ્રોહી એકટ કલમ ૬૫ ઈ ૮૧ મુજબના ગુના અંગેની ફરિયાદ અમોએ હેડ કો.વી.પી.જાડેજા ના રૂબરૂની આપેલ. જે ફરીયાદ આંક– ૧૫ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી પકડાયેલ તે રહેણાંક વિસ્તાર છે . એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી નં.૨ પાસેથી કોઇ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી નં.૨ રેડ વખતે સ્થળ પર હાજર મળી આવેલ નથી કે તેના રૂબરૂ કોઇ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ કબ્જે કરેલ નથી.

૭.૩ આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચસાહેદોને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદો જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળમાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી તેમને ફરી ગયેલા જાહેર કર્યા બાદ તેમની ઉલટ તપાસ દરમ્યાન પણ ફરીયાદ પક્ષ પંચનામા સંબંધે કોઈ ફળદાયી હકીકત કઢાવી શકેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્દામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદ ને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામા ને પંચસાહેદે સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

૭.૪ આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે

રજૂ થયેલ નથી.

૮. આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપીના કબ્જામાંથી પંચનામાની વિગતે પ્રતિબંધીત પ્રોહી. મુદામાલ મળિ આવેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોનો પડેલ પુરાવો ધ્યાને લેતા તેઓએ માત્ર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવેલ આંક-૦૯ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચોની હાજરીમાં આરોપીના કબ્જામાંથી પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાની હકીકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી આંક-૦૯ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી. વિશેષમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતા પણ પંચનામું પુરવાર થયેલ છે તેમ માની શકાય નહીં. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળિ જગ્યા જાહેર જગ્યા હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળિ આવે તેમ હોવા છતા આરોપી ના કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકીકત પુરવાર કરવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસ દરમીયાન ત.ક.અ. એ નોંધેલ હોય તેવું ફલીત થતુ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન લેવા પાછળનું કોઇ યોગ્ય કારણ પણ ત.ક.અ.ના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી તેમજ એવો કોઈ રીપોર્ટ રજૂ કરવા માટે ત.ક.અમલદાર ધ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આ કામે પકડાયેલ મુદ્દામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્દામાલ પ્રતિબંધિત પ્રોહી મુદમાલ હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. વિશેષમાં બનાવવાળિ જગ્યા આરોપીના કબ્જા હેઠળ કે માલીકીની હતી કે બનાવ વખતે આરોપી સદર જગ્યા પરત્વે કબ્જો ધરાવતા હતા તે દર્શાવતો કોઇ પુરાવો ત.ક.અ.એ પોતાની તપાસ દરમીયાન મેળવેલ હોય તેવુ ફલિત થતું નથી. આમ, બનાવના સમય અને સ્થળેથી આરોપી નં.૧ ના પ્રત્યક્ષ અને સભાન કબ્જા અને ભોગવટામાંથી

પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો અને આરોપી નં.૨ ના એ મદદગારી કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે પોલીસ સાહેદોના પુરાવાને આ કોર્ટ નકારતી નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ પોલીસ સાહેદોના પુરાવાને જયારે અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો હોય તેમજ પકડાયેલ જથ્થો પ્રોહી મુદામાલ હતો તે દશાવતો કોઇ પુરાવો આ કામે રજુ થયેલ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓ પાસે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકિકત શંકાથી પર પુરવાર થતી ન હોય આમ, આ કામે આરોપીઓ સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.૨ નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## – હુ ક મ –

(૧) આ કામના આરોપી :**(૧) ભરતભાઈ કારાભાઈ મંડેરા,** રહે. અમરાપર ગામ, વાડિ વિસ્તાર, તા.જામજોધપુર, જિ.જામનગર, **(૨) સરમણભાઈ કાનાભાઈ વાઢીયા,** રહે. અમરાપર ગામ, તા.જામજોધપુર, જિ.જામનગરોલ સી.આર.પી.સી. ની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ),૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્ધામાલ પાવતીમાં જણાવ્યા મુજબનાં પ્રોહીબીશન મુદ્ધામાલ અપીલ સમય વીત્યે નાશ કરવો તેમજ મુદ્દામાલ મોબાઈલ તથા વાહન અંગે અગાઉ વચગાળાનો કોઇ હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે મુળ માલિક અંગે ખરાઈ કરી જરૂરી ઈન્વાયરી કરી મુદામાલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(૧) મુજબ

અપીલ સમય સુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૦૧ , માહે : એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર
તારીખ : ૦૧–૦૪–૨૦૨૬.

**( નરેશકુમાર રમેશભાઇ ગોહેલ )**
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.જામજોધપુર .
જજ કોડ : જીજે–૦૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો